ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

# ભારતની વસ્તીના વલણો 1901 – 2011 નો સંક્ષિપ્ત અભ્યાસ

**KUNTI NITA LAKHAMANBHAI**

**સારાંશ:**

ભારતમાં 1871 ના વર્ષથી વસ્તી ગણતરી ની શરૂઆત થઇ. પરંતુ ભારતમાં સૌપ્રથમ અધિકૃત વસ્તી ગણતરી 1891માં થઈ હતી. 1891 બાદ દર  10 વર્ષે વસ્તી ગણતરી થવા માંડી સ્વતંત્ર પ્રાપ્તિ બાદ સૌથી પહેલું વસ્તીપત્રક 1951માંરજૂ કરવામાં આવ્યું. ભારતની વસ્તીના ઇતિહાસમાં 1921 નું વર્ષ મહાવિભાજક વર્ષ તરીકે ઓળખાય છે. પ્રતિવર્ષ 11 જુલાઈ વિશ્વ વસ્તી દિવસ તરીકે ઉજવવામાં આવે છે અને દેશની વસ્તી 2011 માં  121.02 કરોડ થઇ છે. 31 ઓક્ટોબર, 2011ના દિવસે વિશ્વની વસ્તી સાત અબજ પૂરી થયેલી માનવામાં આવે છે.

**પ્રસ્તાવના:**

વસ્તી-વિષયક અભ્યાસો પ્રાચીનકાળથી થતા આવ્યા છે. કોન્ફ્યુશિયસના ના સમય દરમિયાન ચીની લેખકોએ અને ત્યારબાદ એરિસ્ટોટલ, પ્લેટો તથા ઇ.સ. પૂર્વ ૩૦૦ની આસપાસ કૌટિલ્યે પણ વસ્તી સંબંધિત વિચારો રજૂ કર્યા હતા. આમ, વસ્તી સબંધિત અભ્યાસો વિચારોનો ઈતિહાસ ખૂબ પ્રાચીન છે.

´´વસ્તી શિક્ષણ જ્ઞાનની એક શાખા છે કે જેના દ્વારા વસ્તી ના પ્રશ્નો નો સંભવિત અભ્યાસ શક્ય બને છે તથા તીવ્ર ગતિ થી થતા વસ્તી વધારાને લીધે ઉદભવતી સમસ્યાઓથી માહિતગાર થઇ તેના નિવારણ માટે નીતિવિષયક ઉપાયો અંગે જાણકારી મેળવી શકાય છે."

**સાહિત્ય સમીક્ષા**:

**પુસ્તક**:

1. રાવલ. સી . (2005) વસ્તી એક સામાજિક સમસ્યા.

ચંદ્રિકા રાવલ ના વસ્તી અને સામાજિક સમસ્યા નામના પુસ્તક રૂપે રજૂ થયેલ એક અભ્યાસમાં તેઓ જણાવે છે કે અતિશય વસ્તી અનેક સમસ્યાઓનું સર્જન કરે છે. જેવી કે ગરીબી, બેરોજગારી સર્જાયા છે આને લીધે સમાજજીવનમાં ગુનાખોરી સંઘર્ષ અને તંગદિલી વધ્યા છે. વસ્તીવૃધ્ધિ એ સમાજના નૈતિક મૂલ્યોને નુકસાન પહોંચાડયું છે.

**જર્નલ**:

1. **ઠાકરડા અંકિત** (2018)

તેમના લેખ મુજબ દેશની વસ્તી ની ગુણવત્તા જાણવા અને દેશના આર્થિક વિકાસનું આયોજન કરવાના હેતુથી વસ્તી ગણતરી કરવામાં આવે છે. આમ, એક  કહેવત પ્રમાણે "ઝાઝા હાથ રળિયામણા'' એટલે કે દેશની વસ્તી નો ઉપયોગ કરી દેશના આર્થિક વિકાસમાં વધારો કરવો જેથી દેશ સ્વાવલંબન બને અને આયાતમાં ઘટાડો કરી નિકાસમાં વધારો કરવાથી દેશના હૂંડિયામણ માં વધારો થશે આમ વસ્તી વરદાન કે આશીર્વાદ સાબિત થશે.

હેતુઓ :

1 દેશનો વસ્તી વૃદ્ધિનો દર જાણાવો.

2 દેશમાં જાતિ પ્રમાણ અને તેમાં આવેલા તફાવતો તપાસવા.

**સંશોધન પદ્ધતિ**:

અભ્યાસ એક ગૌણ માહિતીના આધારે એટલે કે જુદા દસ્તાવેજી સ્રોતના આધારે તૈયાર કરવામાં આવેલ છે. જે માહિતી વિવિધ સ્રોત માંથી પ્રાપ્ત કરવામાં આવી છે. વસ્તી વિષયક પુસ્તકો, પૂર્વ અભ્યાસ ને અહેવાલો, (પીએચ.ડી એમ.ફિલ કક્ષાના) સેન્સસ અભ્યાસના આંકડાઓ અને ઇન્ટરનેટના ઉપયોગ દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી છે.

VIDHYAYANA

**વસ્તી ગણતરી એટલે શું?**:

´કોઈપણ દેશના અથવા કોઈપણ વિસ્તારમાં વસતા લોકો વિશે ની માહિતી મેળવી અને તેની નોંધણી  કરવાની બાબતને વસ્તી ગણતરી કહે છે. જે દર દસ વર્ષે કેન્દ્ર સરકારના આદેશથી કરવામાં આવે છે જેને સેન્સસ અથવા જનગણના પણ કહેવાય છે.'

**શા માટે વસ્તી ગણતરી**:

દેશની વસ્તી ની ગુણવત્તા જાણવા અને દેશના આર્થિક વિકાસનું આયોજન કરવાના હેતુથી વસ્તી ગણતરી કરવામાં આવે છે. દેશની વિકાસલક્ષી પંચવર્ષીય યોજનાઓ ખોરાક, પાણીની

વ્યવસ્થા, ઉદ્યોગ વીજળી, રોજગારી શિક્ષણ અને સંરક્ષણ વિષયક આયોજન કરવાના ભાગરૂપે પણ વસ્તી ગણતરી કરવી જરૂરી બની રહે છે.

ભારતમાં હવે તો લુપ્ત થતા પ્રાણીઓ પક્ષીઓ તથા વૃક્ષોની પણ વન ખાતા તરફથી ગણતરી કરવામાં આવે છે તથા પાલતુ પ્રાણીઓની પણ ગણતરી હાથ ધરવામાં આવે છે તેથી તે અંગે જરૂરી પગલાં લઈ શકાય.

**ભારતમાં વસ્તી ના વલણો**: (**Profiles of Indian Population**)

વસ્તીના વલણો, વસ્તી નું કદ, વસ્તી વૃદ્ધિ દર, જન્મદર, મૃત્યુદર, શહેરી વસ્તી ગ્રામીણ વસ્તી, સ્ત્રી પુરુષ પ્રમાણ ને લગતી આંકડાકીય માહીતી મેળવી તેનું અર્થઘટન કરવું.

**ભારતમાં વસ્તીનું કદ અને વૃદ્ધિ- દર** (**Size Of Indian Population And Growth Rate**)

વસ્તીનું કદ એટલે જુદા જુદા વર્ષો દરમિયાન ભારતની કુલ વસ્તી અથવા તો તે પ્રમાણને વસ્તી નું કદ કહે છે.વસ્તી માં થતાં વધારાની ટકાવારીને વસ્તી વૃદ્ધિ દર કહે છે.

**ભારતમાં વસ્તીનું કદ અને વસ્તીવૃદ્ધિદર** (1901-2011)

| **વર્ષ** | **વસ્તી કરોડમાં** | **વસ્તીનો વાર્ષિક સરેરાશ ટકાવારી વૃદ્ધિ દર** |
|---|---|---|
| 1901 | 23.8 | |
| 1911 | 25.2 | 0.57 |
| 1921 | 25.1 | -0.03 |
| 1931 | 27.9 | +1.04 |
| 1941 | 31.9 | +1.33 |
| 1951 | 36.1 | +1.25 |
| 1961 | 43.9 | +1.96 |
| 1971 | 54.8 | +2.20 |
| 1981 | 68.3 | +2.22 |

| | | |
|---|---|---|
| 1991 | 84.6 | +2.16 |
| 2001 | 102.7 | +1.97 |
| 2011 | 121.02 | +1.64 |

Source: Census of India 2011

**તારણો**:

1. 1901 થી 1921 સુધીના સમયગાળા દરમિયાન વસ્તી માં થયેલો વધારો ધીમો હતો.
2. 1911 થી 1921 ના દશકામાં વસ્તીમાં -0.31 ટકાનો ઘટાડો થયો હતો.
3. વસ્તીમાં થયેલ ઘટાડાનું મુખ્ય કારણ મુત્યુદરમાં થયેલ વધારો હતો.
4. 1951 માં ભારતમાં આયોજન આરંભ થયો : આયોજન કાળ દરમિયાન એટલે કે 1951 માં દેશની વસ્તી 36.1 કરોડ ની હતી. તે પાંચ દશકમાં એટલે કે 2001 માં 102.7 કરોડ થઇ એટલે કે વસ્તીમાં 66.6 કરોડનો વધારો નોંધાયો.
5. 2011 ની વસ્તી મુજબ ભારતની વસ્તી 121.02 કરોડ અને વસ્તીનો વાર્ષિક સરેરાશ ટકાવારી વૃદ્ધિદર 1.64 છે.

**ભારતમાં જાતિ -પ્રમાણ** (**દર 1000 પુરુષોએ સ્ત્રઓની સંખ્યા** )

- દેશની વસ્તીમાં પ્રતિ 1000 પુરુષોએ સ્ત્રીઓની સંખ્યાને લિંગ - પ્રમાણ અથવા જાતિપ્રમાણ તરીકે ઓળવામાં આવે છે.

| વર્ષ | દર 1000 પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા |
|---|---|
| 1901 | 972 |
| 1911 | 964 |
| 1921 | 955 |
| 1931 | 950 |
| 1941 | 945 |

| | |
|---|---|
| 1951 | 946 |
| 1961 | 941 |
| 1971 | 930 |
| 1881 | 934 |
| 1991 | 927 |
| 2001 | 933 |
| 2011 | 943 |

Source: office of the registrar general, India

**તારણો**:

1. 1901 થી 1991દરમ્યાન ભારતમાં 1000 પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા ઘટતી જતી જોવા મળે છે.
2. પરંતુ 2001થી 2011ના વર્ષ દરમ્યાન દર ૧૦૦૦ પુરૂષોએ સ્ત્રીઓની સંખ્યામાં નજીવો સુધારો જોવા મળે છે.
3. જે દેશમાં ચાલી રહેલા બેટી બચાવો અભિયાન તેમજ દીકરી - જન્મને મળતાં પ્રોત્સહનોને આભારી છે.
4. ભારતમાં એકમાત્ર કેરળ ને બાદ કરતા અન્ય વિસ્તારોમાં દર 1000 પુરૂષોએ સ્ત્રીઓની સંખ્યા 1084 છે.

**ભારતમાં સાક્ષરતા દરનું પ્રમાણ**

- 1991ની વસ્તી ગણતરી વખતે સાક્ષરતાનો માપદંડ નક્કી થયેલ છે તે મુજબ છ વર્ષથી વધુ વયજૂથની કોઈપણ વ્યક્તિ કોઈપણ એક ભાષા વાંચી - લખીને સમજી શકતી હોય તો તે સાક્ષર કે અક્ષરજ્ઞાન ધરાવતી વ્યક્તિ ગણાય છે.

| વર્ષ | કુલ | પુરુષઓનું પ્રમાણ ટકાવારી માં | સ્ત્રીઓનું પ્રમાણ ટકાવારી માં |
|---|---|---|---|
| 1901 | 5.35 | 9.83 | 0.60 |

| | | | |
|---|---|---|---|
| 1911 | 5.92 | 10.56 | 1.05 |
| 1921 | 7.16 | 12.21 | 1.81 |
| 1931 | 9.5 | 15.59 | 2.93 |
| 1941 | 16.1 | 24.09 | 7.3 |
| 1951 | 16.67 | 24.95 | 7.93 |
| 1961 | 24.02 | 34.44 | 12.95 |
| 1971 | 29.45 | 39.45 | 18.69 |
| 1981 | 36.23 | 46.89 | 24.82 |
| 1991 | 42.84 | 52.74 | 32.17 |
| 2001 | 64.83 | 75.26 | 53.67 |
| 2011 | 74.04 | 82.14 | 65.46 |

Source: Office of The Registrar General, India

**તારણો**:

1. 1901 થી 1951 માં સાક્ષરતાનું પ્રમાણ ખુબ ઓછું હતું.
2. 1951 થી સુધારો જોવા મળે છે 1951માં સાક્ષરતાનું પ્રમાણ 16.67 તે વધીને 2011 માં 74.04 થયું.

**ઉપસંહાર**:

પ્રસ્તુત અભ્યાસની ચર્ચા કરતા જણાય છે કે વસ્તી વધારા માટે ઉંચો જન્મદર અને નીચો મુત્યુદર જવાબદાર છે. આથી જો વસ્તી ઘટાડવી હોય તો મુત્યુદર વધારી ન શકીએ પણ અસરકારક પગલાંઓ દ્વારા જન્મદરમાં ચોક્કસ ઘટાડો કરી શકીએ છીએ. અને સાક્ષરતાના પ્રમાણમાં વધારો કરીને લોકોમાં જાગૃતા લાવી શકાય અને લિંગ પ્રમાણને ઓછું કરી શકાય છેલ્લે 2000 માં વસ્તીનીતિ અંતર્ગત લોકશિક્ષણ, જાગૃતિ, કુટુંબ, નિયોજન, તબીબી સેવાઓમાં વધારો લગ્નવય ઉંચે લઇ જવી વગેરે કાર્યક્રમો હાથ ધરાયા જેમાં મોટાભાગના કાર્યક્રમો સફળ થયા છે.

ISSN 2454-8596
www.MyVedant.com
An International Multidisciplinary Research E-Journal

**સંદર્ભ સૂચિ**:

1. વસ્તીના વલણો, ´´ ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ ધોરણ - 12 અર્થશાસ્ત્ર 2010

2. ´´માનવ સંસાધન, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ: ગાંધીનગર ધોરણ - 8 સામાજિક વિજ્ઞાન 2011

3. ઋષિ, સી.વર્લ્ડ ઇનબૉક્સ જનરલ નોલેજ, ભાવનગર : પ્રતિભા ઓફસેટ પ્રિન્ટ (2017)

4. www.censusindia.gov.in 2011- common/censuslataonlin.html

5. Office of The Registrar General, India